# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-06-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1) અમદાવાદ વિમાન દુર્ઘટનાનાં 163 મૃતકોના ડીએનએ સેમ્પલ મેચ થયા - 124 મૃતદેહો તેમનાં સ્વજનોને સોંપવામાં આવ્યા
2) ચોમાસાના આગમન સાથે જ સૌરાષ્ટ્રના મોટા ભાગના જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર – બરવાળા તાલુકામાં આજે સાત ઈંચ વરસાદ
3) રાજ્યનાં 195 તાલુકામાં હળવાથી ભારે વરસાદ , સાત ડેમ હાઇ એલર્ટ પર અને છ ડેમ એલર્ટ પર
4) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની પાંચ પ્રોત્સાહક યોજના જાહેર કરાઈ
5) કડી તથા વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટેના પ્રચાર પર પડદો

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PLANE CRASH

અમદાવાદ વિમાન દુર્ઘટનાનાં 163 મૃતકોના ડીએનએ સેમ્પલ મેચ થયા છે, જેમાંથી 124 મૃતદેહો તેમનાં સ્વજનોને સોંપવામાં આવ્યા છે. આ અંગે પત્રકાર પરિષદને સંબોધતાં સિવિલ હોસ્પીટલનાં સુપ્રિટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોશીએ આ મુજબ જણાવ્યું હતું. કે..

(બાઈટ – રાકેશ જોશી)

અમારા પ્રતિનિધી જણાવે છે કે, દુર્ઘટનાના 62 મૃતકોના અંતિમ સંસ્કાર અમદાવાદમાં કરવામાં આવ્યા છે. લંડન , વડોદરા, રાજસ્થાન, મહારાષ્ટ્ર જેવા મૃતકોના સ્વજનોએ અમદાવાદમાં અંતિમ સંસ્કાર કરવા ઇચ્છા દર્શાવી છે. આ કામગીરી માટે કલેકટર ઓફિસ દ્વારા સરકારી કર્મચારીઓની ફાળવણી કરવામાં આવી છે.

દરમિયાન, વિમાનના પાયલટ કેપ્ટન સુમિત સભરવાલનો પાર્થિવ દેહ તેમનાં પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. સરકારની યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, ડીએનએ મેચિંગ માટે સેમ્પલિંગની કામગીરી પૂર્ણતાના આરે છે. આ માટે સ્થપાયેલા વિશેષ કમાન્ડ સેન્ટરમાં નિયુક્ત ઉચ્ચ અધિકારીઓ મૃતકોના પરિવારજનોના સતત સંપર્કમાં છે.

ડીએનએ સેમ્પલ મેચિંગ પ્રક્રિયા માટે જે પરિવારજનો પોતે ઉપસ્થિત નથી રહી શકતા તેમનાં ઘરેથી જ ડીએનએ સેમ્પલ કલેક્શન માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લાના અમારા પ્રતિનિધી જણાવે છે કે, આ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વિજય રૂપાણીની શ્રધ્ધાંજલિ સભા આજે સાંજે રાજકોટનાં રેસકોર્સ ખાતે યોજાઇ હતી.

દરમિયાન આ ઘટનાનાં થોડા દિવસ બાદ એર ઇન્ડિયાની અમદાવાદ-લંડન ગેટવિક ફ્લાઇટ નંબર એઆઇ- 159ને આજે રદ કરવામાં આવી છે. આ ફ્લાઇટ બપોરે 1 વાગીને 10 મિનિટે ઉપડવાની હતી. એર ઇન્ડિયાએ એક યાદીમાં જણાવ્યું કે હવાઇ ક્ષેત્ર પર નિયંત્રણો અને વધારાની સલામતી તપાસને કારણે એરક્રાફ્ટ ઉપલબ્ધ ન હોવાથી ફ્લાઇટ રદ કરવામાં આવી છે. . . . . . . . . . . . . .

# RAIN STATE-1

રાજ્યભરમાં ગઈકાલથી ચોમાસુ જામ્યું છે. ચોમાસાના આગમન સાથે જ સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર થતાં ધરતીપુત્રોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

આજે સવારે આઠ વાગ્યાથી સાંજનાં છ વાગ્યા સુધીમાં રાજ્યનાં 195 તાલુકામાં હળવાથી ભારે વરસાદ વરસ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર લગભગ તમામ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદથી અનેક ડેમ છલકાતા હેઠવાસનાં સંખ્યાબંધ ગામડાંઓમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્રમાં અનેક માર્ગો ધોવાઇ જવાથી જનજીવન પર અસર થઈ છે.

સ્ટેટ ઇમરજન્સી ઓપેરશનની યાદી પ્રમાણે સવારના છ વાગ્યાથી સાંજનાં છ વાગ્યા સુધાં સૌથી વધુ સાત ઇંચ વરસાદ બોટાદ જિલ્લાનાં બરવાળા.તાલુકામાં પડ્યો છે. સુરેન્દ્રનગરના સાયલા તાલુકામાં સાડા છ ઇંચ, મુળી તાલુકામાં સાડા પાંચ ઇંચ અને થાનગઢમાં પોણા પાંચ ઇંચ વરસાદ પડ્યો છે. રાજ્યનાં 28 તાલુકામાં બે ઇંચથી વધુ વરસાદ પડ્યો છે.

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના થોરીયાળી ગામ પાસે આવેલો થોરીયાળી ડેમ ૯૦ ટકા ભરાઈ જતાં ડેમ ગમે તે સમયે ઓવરફ્લો થવાની શક્યતા છે. જેથી ડેમના નીચાણવાળા વિસ્તારોમાં આવતા ગામના લોકોને નદીના પટમાં અવર-જવર ન કરવા તથા માલમિલકતને સલામત સ્થળે ખસેડી લેવા સૂચના આપવામાં આવી.

સુરેન્દ્રનગર જિલ્લાના મુળી અને ચોટીલા તાલુકામાં તેમજ ઉપરવાસમાં ભારે વરસાદના કારણે નાયકા ડેમનાં ૧૯ દરવાજા આઠ ફૂટ સુધી ખોલવામાં આવ્યા છે.

વરસાદની સ્થિતિ અંગે સુરેન્દ્રનગર જિલ્લાનાં અમારા પ્રતિનિધિનો અહેવાલ સાંભળીએ

(VOICE CAST DINESH PARMAR)

# RAIN STATE-2

બોટાદ જિલ્લાનાં બરવાળાની ઉતાવળી નદી પુલ પર એક તરફ વાહન વ્યવહાર કરાયો છે. તાલુકાના વાઢેળા-નાવડા વચ્ચેનો રોડ તૂટતાં વાઢેળા ગામ સંપર્કવિહોણું થઈ ગયું છે.

વરસાદની સ્થિતી અંગે બોટાદનાં કલેક્ટર ડોક્ટર જીન્સી રોય વધુ માહિતી આપી.

**(બાઈટ – ડોકટર જીન્સી રોય)**

દ્વારકાના ભાણવડ તાલુકાના ગુંદા , સાજડિયારી, કાલાવડ, કંટોલીયા, ગુંદલા સહિતનાં ગામોમાં ધોધમાર વરસાદનાં અહેવાલ છે. મોરબીમાં મચ્છુ ત્રણ ડેમનો એક દરવાજો ખોલીને ૭૫ કયુસેક પાણી નદીમાં છોડવામાં આવતા મોરબીના ૧૩ અને માળિયાના ૮ ગામોને એલર્ટ આપવામાં આવ્યું છે.

ભાવનગર જિલ્લામાં વલ્લભીપુર- ભાવનગર હાઇવે ને જોડતો ચમારડી પાસે આવેલો ચોગઠનો ઢાળ પાસેનો પુલ બંધ કરવામાં આવ્યો છે. શેત્રુંજી ડેમ આજે બપોરે સંપૂર્ણ ભરાઈ ગયો હતો.

ભાવનગર જિલ્લામાં આવતી કાલે તમામ સરકારી અને ખાનગી શાળાઓ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર ડો. મનીષ બંસલે વધુમાં આ મુજબ જણાવ્યું

**(BYTE - MANISH BANSAL)**

અમરેલી જિલ્લામાં ભારે વરસાદથી બે વ્યક્તિનાં મૃત્યુનાં અહેવાલ છે. રાજુલાના ઉટિયા-રાજપરડા વચ્ચે અને બાબરાના કુંડળ ગામે બે અલગ-અલગ જગ્યાએ કાર તણાવાના બે બનાવમાં બે લોકોના મોત થયા છે.

# RAIN STATE-3

કચ્છ જિલ્લામાં પણ સાવર્ત્રિક વરસાદનાં અહેવાલ છે. જિલ્લાના દસ પૈકી આઠ તાલુકામાં અડધોથી ત્રણ ઇંચ વરસાદ પડ્યો છે. ભુજમાં સતત વરસાદને પગલે હમીરસર તળાવને પાણી પૂરુ પાડતાં બંધમાં જળસપાટી વધી હતી. આ ઉપરાંત , અંજાર, ગાંધીધામ, માંડવી, મુન્દ્રા, રાપર, ભચાઉ અને નખત્રાણા તાલુકાંમાં હળવેથી મધ્યમ વરસાદ વરસ્યો છે.

દરમિયાન, ગાંધીનગરમાં રાહત કમિશનરની અધ્યક્ષતામાં સ્ટેટ ડિઝાસ્ટર સેન્ટર ખાતે વેધર વોચ કમિટીની બેઠક મળી હતી, જેમાં હવામાન વિભાગ, મહેસુલ, માર્ગ અને મકાન, એનડીઆરએફ, એસડીઆરએફ તથા કોસ્ટ ગાર્ડ સહીતની એજન્સીઓનાં અધિકારીઓ હાજર રહ્યા હતા.

આજે સવાર સુધીમાં રાજ્યમાં સરેરાશ 70 મિલિમીટર વરસાદ પડ્યો છે , જે સરેરાશ વરસાદનીસામે આઠ ટકા જેટલો થાય છે. વિસ્તાર પ્રમાણે જોઇએ તો સરેરાશ વરસાદ સામે સૌરાષ્ટ્રમાં સૌથી વધુ 15 ટકા વરસાદ વરસી ચૂક્યો છે , જ્યારે પૂર્વ મધ્યમાં સાડા સાત ટકા અને કચ્છમાં સાત ટકા વરસાદ પડ્યો છે.

છેલ્લાં 24 કલાકમાં રાજ્યમાં સરેરાશ 41 મિલિમિટર વરસાદ પડ્યો છે.

રાજ્યમાં હાલની સ્થિતિએ સાત ડેમ હાઇ એલર્ટ પર અને છ ડેમ એલર્ટ પર છે , જ્યારે સંપૂર્ણ ભરાયેલા ડેમોની સંખ્યા છ અને 70થી 100 ટકા વચ્ચે ભરાયેલા ડેમોની સંખ્યા 15 છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ 52 ટકા ભરાયો છે.

. . . . . . . . . . . . .

# CM MEETING URGENT

હમણાં જ મળતા અહેવાલો પ્રમાણે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે વરસાદની સ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે.

બેઠકમાં  રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોષી  , અધિક સચિવ જંયતિ રવિ , રાહત કમિશનર સહિતના અધિકારીઓ હાજર છે.

શ્રી પટેલે તમામ જિલ્લા કલેકટર સાથે વિડિયો કોન્ફરન્સિંગથી વાત કરી.

. . . . . . . . . . . . .

# CM SANSKRIT BOARD

આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની પાંચ પ્રોત્સાહક યોજના લોન્ચ કરવામાં આવી. બોર્ડની સ્થાયી સમિતિની બેઠકમાં શ્રી પટેલે બોર્ડના લોગોનું અનાવરણ કર્યું હતું.

પ્રાચીન ભાષા સંસ્કૃતનું સંવર્ધન કરીને લોકો સુધી આ ભાષા પહોંચાડવા માટે પંચકમ યોજના શરૂ કરવામાં આવી છે. જેમાં , સંસ્કૃત સપ્તાહોત્સવ યોજના, સંસ્કૃત સંવર્ધન સહાયતા યોજના , સંસ્કૃત પ્રોત્સાહન યોજના , શ્રીમદ ભાગવત ગીતા યોજના અને શત સુભાષિત કંઠ પાઠ યોજનાનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે , રાજ્યમાં 6 થી 13 ઓગસ્ટ દરમિયાન સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ  આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.   વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..................................

# ASSEMBLY BY ELECTION GRAM PANCHAYAT

મહેસાણા જિલ્લાની કડી તથા જુનાગઢ જિલ્લાની વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટેના પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થયા. આ બંને બેઠકો પર 19 જૂને મતદાન થશે જ્યારે 23 જૂને મત ગણતરી હાથ ધરાશે.

22મી જૂને રાજ્યમાં ગ્રામપંચાયતની ચૂંટણી માટેનો પ્રચાર વેગ પકડી રહ્યો છે.

તાપી જિલ્લામાં પણ 95 જેટલી ગ્રામ પંચાયતો ની ચૂંટણી યોજવા જઈ રહી છે.

તાપી જિલ્લાના ચૂંટણી અધિકારી કલ્પેશ પટેલે ચૂંટણીની વધુ વિગતો આપીઃ

(બાઈટ – કલ્પેશ પટેલ, ચૂંટણી અધિકારી)

. . . . . . . . . . . . .

# WORLD YOG DAY

21 જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માટે સમગ્ર રાજ્યમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે ત્યારે આજે ગીર સોમનાથ જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ હતી.જેમાં ગ્રામ્યસ્તરથી લઈ શહેરી સ્તર સુધી વધુને વધુ નાગરિકો આ ઉજવણીમાં જોડાય તે માટે અનુરોધ કરાયો હતો.

તો બીજી તરફ કચ્છ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ભુજની આર.ડી વરસાણી સ્કૂલ ખાતે યોજાશે ત્યારે આજે કચ્છ જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઇ હતી. જેમાં કલેકટરે બેઠક વ્યવસ્થા , યોગા કોચ અને પ્રોટોકોલ મુજબ જ યોગ દિવસની ઉજવણી કરવામાં આવે તેવું સૂચન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ છે , યોગા ફોર વન અર્થ, વન હેલ્થ'.

. . . . . . . . . . . . .

# SABARKANTHA CHITRODI PRAKRUTIK KHETI

આત્મા પ્રોજેક્ટ અતંર્ગત સાબરકાંઠામાં ખેડબ્રહ્માના ચિત્રોડી ગામે પ્રાકૃતિક ખેતર શાળા અંતર્ગત પ્રથમ સત્રની તાલીમ યોજાઇ હતી. જેમાં જમીનમાં વાવણી માટેની તૈયારી , ખેડની દિશા નક્કી કરવી , દસપર્ણ અર્ક અને જીવામૃત બનાવવાની પધ્ધતિ તેમજ વાપસા માટે માટી કયારા બનાવવા જેવા વિષય પર ખેડ્રતોને માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

ખેડ્રતોને પ્રાકૃતિક ખેતી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . .